જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૩/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૮૦/૧૭**

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

આજરોજ નારોજ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જી' ડીવીઝન નાઓની સુચનાથી સીનીયર પો.ઇન્સ શ્રી એચ.બી ઝાલા ની જાણ હેઠળ તથા સ્ટાફના પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા હે.કો. રમેશસિંહ કાળૂસિંહ બ.ન. ૯૪૨૧ તથા સુરેંદ્રસિંહ મહેંદ્રસિંહ બનં. ૯૫૫૮ તથા પો.કો ક્રીપાલસિંહ અનવરસિંહ બ.ન. ૨૭૯૨ તથા પો.કો હાવેશભાઇ ખોડાભાઇ બનં ૪૯૩૦ તથા પો.કો જીતુભાઇ અળખાભાઇ બ.ન. ૨૫૪૦ તથા બીજા સ્ટાફ ના માણસો કુબેરનગર ચોકી વિસ્તાર માં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન કુબેરનગર રેલ્વે ક્રોસીંગ પાસે આવતા બાતમી હકીકત મળેલ કે ચાલીસમકાન મા આવેલ મહાદેવના મંદીર આગળ ખુલ્લી જગ્યામા ઇલેક્સ્ટ્રીક લાઇટના અંજવાળા નીચે કેટલાક ઇસમો હાર જીતનો જન્ના મન્ના નો જુગાર રમી રમાડે છે જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે રેડ કરતા કેટલાક માણસો જુગાર રમતા હતા. જેઓના નામ ઠામ પુછતા <u>(૧) સુનીલ ટેકચંદ ગંગવાણી ઉવ ૩૬ રહે.મ.ન.૪૨૫/એ સરદારનગર બગીચા પાસે સરદારનગર અમદાવાદ સાથે બીજા આઠ મળી કુલ્લે આરોપીઓ નવ</u> પકડાઇ જતા તેઓની <u>અંગ જડતી તથા દાવના નાણા તથા ૬ મોબાઇલ મળી મુદ્દામાલના કુલ્લે રૂપીયા ૨૪૧૮૦/- ના</u> મતા સાથે પકડાઇ જતા કાયદેસરની જુગાર ધારા કલમ ૧૨ મુજબની કાયદેસરની કાર્યવાહી કરેલ છે

**ગોમતીપુર પોલીસ સ્ટેશન :**

ગોમતીપુર પોલીસ સ્ટેશન પ્રોહી ગુરનં ૫૦૬૨/૧૭ પ્રોહી કલમ ૬૬(૧)બી ૬૫એઈ ૧૧૬(૧)બી ૮૧ મુજબના કામે હકીકત એવી છે કે આજરોજ ના.રા. પેટ્રોલીંગ દરમ્યાન ખાનગી બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે ગોમતીપુર ગામ લુહાર શેરીમાં રહેતો નિશીત ઉર્ફે પપ્પુ દશરથભાઇ પટેલ તથા રોહીત રમેશભાઈ શાહ રહે ભાટની પોળ ગોમતીપુરગામ અવાદશહેર નાઓ ચોરી છુપીથી બહારથી પરપ્રાંતનો ઇંગ્લીશ દારુનો ગે.કા. જથ્થો ગોમતીપુર ગામ પંચની વાડી પાસે ખુલ્લી જગ્યામાં લાવે છે અને થોડી વારમં સગે વગે કરવાની તૈયારીમાં છે વિગેરે મતલબની બાતમી આધારે બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા નિશીત ઉર્ફે પપ્પુ દશરથભાઇ પટેલ ઉ.વ ૩૭ રહે, મ.નં ૧૦૧૯ લુહાર શેરી ગોમતીપુર ગામ ગોમતીપુર અમદાવાદ શહેર નાઓ ઇંગ્લીશદારુની ૭૫૦મીલી તથા ૧૮૦ મીલીની બોટલ નંગ ૨૪૦ કીરૂ ૩૮૪૦૦/- સાથે મળી આવતા સદર મુદ્દામાલ કબ્જે કરી ઉપરોક્ત પકડાયેલ આરોપી તથા વોંટેડ આરોપી રોહીત રમેશભાઈ શાહ રહે ભાટની પોળ ગોમતીપુર ગામ અવાદશહેર નાઓ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામા આવેલ છે તા.૦૭/૦૩/૨૦૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>શહેરકોટડા પોલીસ સ્ટેશન :</u>**

મે. પોલીસ કમિશ્નર સહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સહેબ શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર સહેબ શ્રી ઝોન-૩ તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ કરેલ જરુરી સુચના આધારે પો.ઈન્સ.શ્રી શહેરકોટડા પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. એન.બી.સોલંકી તથા સ્ટાફના માણસો સાથે નાસતા ફરતા આરોપીઓને પકડવાની ઝુંબેશ અનુસંધાને શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન શહેરકોટડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં ૧૭૭/૧૫ ઈ.પી.કો કલમ ૧૪૩, ૧૪૭, ૩૩૨, ૩૩૭, ૪૩૫ તથા પબ્લીક પ્રોપર્ટી ડેમેજ એક્ટ ૩, ૭ મુજબના કામે નાસતા ફરતા આરોપી આરોપી **કુણાલ ઉર્ફે કકુ નરેન્દ્રભાઈ ભાવસાર ઉ.વ. ૨૬ રહે, મ.નં ૧૪૬૨/૨, નાની વાસણશેરી સરસપુર અમદાવાદ શહેર** નાઓને તા-૦૭/૦૩/૨૦૧૭ કલાક ૧૩/૦૦ વાગે ઉપરોક્ત ગુનાના કામે પકડી અટક કરેલ છે અને આગળની વધુ તપાસ ચાલુ છે. તા.૦૭/૦૩/૧૭

**<u>સરદારનગર પોલીસ સ્ટેશન</u>** :

આજરોજ ના રોજ શ્રીમાન પોલીસ કમીશ્નર શ્રી તથા સયુંક્ત પો.કમી શ્રી સેકટર -૨ સાહેબના માર્ગદર્શન હેઠળ ના.પો.કમી શ્રી ઝોન-૪ તથા મ.પો.કમી શ્રી જી' ડીવીજન સાહેબની સુચનાથી આજરોજ પો.ઇન્સશ્રી એચ.બી ઝાલા સાહેબ તથા પો.સ.ઇ પી.જે.ખરસાણ તથા મ.સ.ઇ.અરવીંદસિંહ શંકરસિંહ બ.નં.૬૪૦૯ તથા મ.સ.ઇ પરમેશ્વરસિંહ કરણસિહ બ.ન. ૭૩૩૮ તથા હે.કો બાબુભાઇ અળખાભાઇ બ.ન. ૩૭૫૬ તથા હે.કો જીવણભાઇ મેધજીભાઇ બ.ન. ૭૫૫૦ તથા હે.કો કરણસિંહ જુજારસિંહ બ.ન. ૩૪૦૧ તથા પો.કો કરણસિંહ કનુભાઇ બ.ન. ૨૦૩૩ તથા પો.કો દર્શનસિંહ પ્રવિણસિંહ બ.ન. ૬૧૫૬ તથા પો.કો પ્રવિણસિંહ દેવેંદ્રસિંહ બ.ન. ૨૦૮૯ તથા પો.કો રજનીકાંત ડાહ્યાભાઇ બ.ન. ૫૧૨૧ નાઓ સાથે કુબેરનગર પોલીસ ચોકી ખાતે હાજર હતા દરમ્યાન કલાક ૨૧/૧૫ વાગે અમોને બાતમી મળેલ કે કુબેરનગર એ'વોર્ડ બાબા વસંતરામ દરબાર ની નજીક મા મ.ન. ૪૦ મા રહેતા અશોકભાઇ ઉર્ફે ઉધમદાસ નાનો પોતાના આ રહેણાંક મકાનમા કેટલોક ગેરકાયદેસર પરપ્રાંત ઇંગ્લીસ દારૂનો જથ્થો લાવી રાખેલ છે.અને જો આ ઇગ્લીસ દારૂ અંગે તાત્કાલીક રેડ કરવામા ના આવે તો તે જગ્યાએથી મુદામાલ સગેવગે થાય તેમ છે. જે હકીકત આધારે બે પંચોના માણસો સાથે સદરી જગ્યાએ રેડ કરતા એક ઇસમ <u>અશોકભાઇ ઉર્ફે ઉધમદાસ સ/ઓ ફાગુનમલ સહેજાદપુરી ઉ.વ ૫૩ રહે. મ.ન. ૪૦ એ'વોર્ડ બાબા વસંતરામ દરબારની બાજુમા કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર</u> હાજર મળી આવેલ જેના મકાનમાથી <u>ઇંગ્લીસદારૂના નંગ ૧૧૮ કુલ્લે કિ.રૂ ૫૫૨૦૦/-</u> ના મુદામાલ મળી આવતા સદરી વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## **વટવા પોલીસ સ્ટેશન :**

**(૧)**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર ની સુચના અને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જે ડિવિઝન અમદાવાદ શહેર નાઓના સીધા સુપર વિઝન હેઠળ વટવા પો.ઈન્સ.બી.જે.સરવૈયાની સુચનાથી નારોલ ચોકી પો.સ.ઈ.શ્રીકે.એસ.પટેલ.તથા સ્ટાફના માણસોએ તા-૦૭/૦૩/૨૦૧૬ ના કલાક ૨૩/૦૦ વાગે સૈજપુરગામ માંથી મીનાબેનના ઘરેથી વિદેશી દારૂની બોટલ નંગ-૧૯ તથા બીયરના ટીન નંગ-૨૪ કુલ્લે મળી કિ.રૂ.૧૦,૦૦૦/- સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.તા-૦૮/૦૩/૨૦૧૭

**(૨)**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર ની સુચના અને સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬, મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી જે ડિવિઝન અમદાવાદ શહેર નાઓના સીધા સુપર વિઝન હેઠળ વટવા પો.ઈન્સ.બી.જે.સરવૈયા તથા સવેલન્સ સ્ક્વોડના પો.સ.ઈ.તથા સ્ટાફના માણસોએ આજરોજ તા-૦૮/૦૩/૨૦૧૬ ના કલાક ૧૩/૫૦ વાગ્યા દરમ્યાન ડાલુગાડીનો પીછો કરી ડાલુગાડી તથા પાઈલોટીગ વાળી શીફ્ટ ગાડીને ૪૦૦કિ.ગ્રા.નો ગૌમાંસ તથા બે આરોપી તથા મોબાઇલ ફોન સાથે મળી કુલ્લે કિ.રૂ. ૬,૭૬,૦૦૦/- ની મત્તા સાથે પકડી લઈ કાયદેસરની કાર્યવાહી કરેલ છે.તા-૦૮/૦૩/૨૦૧૭



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કાગડાપીઠ પોલીસ સ્ટેશન :</u>**

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીજન નાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમા ચાલતી દારૂ/જુગારની ગેરકાયદેસર પ્રવૃતી નેસ્ત-નાબુદ કરવા કરેલ સુચના મુજબ આજરોજ તા-૭/૦૩/૨૦૧૭ ના રોજ કાગડાપીઠ પોલીસ સ્ટેશન વિસ્તારમા દારૂ/જુગારના ગુનાઓ શોધવા માટે કાગડાપીઠ પો.સ્ટે સર્વેલન્સ સ્કોડના માણસો પો.સ્ટે વિસ્તારના પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન કલાક ૧૬/૦૦ વાગે રાયપુર ચાર રસ્તા વિવેકાનંદ કોલેજ પાસે આવતા પો.કો. કનુભાઈ ભુપતભાઈ તથા પો.કો રિતેશભાઈ નટવરલાલ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે **"ત્રણ ઈસમો રાયપુર દરવાજા બહાર અંબીકા ટ્રીડીંગ કુ.નામની ફટકડાની દુકાન ની ગલી ના નાકા પાસે ઉભા રહી આવતા જતાં ગ્રાહકો પાસેથી પૈસા લઈ બોમ્બે વર્લી મટકાનો આંક ફરકનો સટ્ટો લખે છે"** જે હકીકત આધારે નીચે જણાવેલ ત્રણ ઇસમો રાહદારીયો પાસેથી પૈસા લઈ બોમ્બે વર્લી મટકાનો આંક ફરકનો સટ્ટો લખતા મળી આવેલ

**(૧) નરેંદ્રભાઈ શંકરલાલ લોધા ઉવ.૪૦ રહે.મ.ન.૬૮૮ મહાકાળી માતાના મંદિર પાસે રૂગનાથપુરાની પીઠ રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર**

**(૨) જયેશભાઈ ઉર્ફે કાળીયો કાળૂસિહ ચૌહાણ ઉવ.૩૮ રહે.મ.ન.૭૫૧ મહાકાળી માતાના મંદિર પાસે રૂગનાથપુરાની પીઠ રાયપુર દરવાજા બહાર અમદાવાદ શહેર**

**(૩) રફીક ઉર્ફે મુન્નો બચુભાઈ સૈયદ ઉવ.૪૭ રહે.રૂગનાથપુરાની પીઠ રાયપુર દરવાજા બહાર અમદાવાદ**

જે ઉપરોકત ત્રણે ઇસમો પાસેથી બોમ્બે વરલી મટકાની આકડાઓ લખેલી સ્લીપો તથા રોકડા નાણા રૂ-૭૧૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ-૧૦૦૦/- મળી કુલ્લે રૂ-૮૧૦૦/- ના મુદામાલ સાથે પકડી લઈ ત્રણે ઇસમો વિરૂધ્ધ કાગડાપીઠ.પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૦૪૦/૧૭ તથા સે.ગુ.ર.નં-૩૦૪૧/૧૭ તથા સે.ગુ.ર.નં-૩૦૪૨/૧૭ ધી.જુગારધારા કલમ ૧૨(અ) મુજબના ગુનાઓ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી ત્રણ જુગારના ગુનાઓ શોધી કાઢેલ છે

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)